R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૬

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-23 • ISSUE: 01 DATE: 04-01-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭



પ્રીન્સ ઓફ વેલ્સે જણાવ્યું હતું કે મીડલ ઈસ્ટમાં ખ્રિસ્તીઓની જે પ્રકારે સતાવણી થઈ રહી છે તેનાથી તેઓ અત્યંત દુઃ ખી થયા છે.પ્રીન્સ ચાર્લ્સે ચર્ચ લીડરોની મળેલ મીટીંગમાં આ વાત જણાવી હતી.પ્રીન્સ ગાઝી ઓફ જોર્ડન સાથે પ્રિન્સ ચાલ્સે કોપ્ટીક ઓર્થોડોક્સ ચર્ચ સેન્ટર,સ્ટીવેનેજ ખાતે આવેલ છે તેની મુલાકાત લીધી હતી.તેમજ સીરીયીક ઓર્થોડોક્સ કેથેડ્રલ જે વેસ્ટ લંડનમાં છે તેની પણ મુલાકાત લીધી હતી.જ્યાં તેઓને મુસ્લીમ ગ્રુપો દ્વારા મીડલ ઈસ્ટમાં ખ્રિસ્તીઓની સતાવણ થઈ રહી છે તેની વધુ વિગતો પ્રાપ્ત થઈ હતી.

ઈજીપ્તમાં કોપ્ટીક ચર્ચના સભ્યો ઈસ્લામીક ગ્રુપો દ્વારા કરાતાં વારંવાર હુમલાઓના ભોગ બને છે.મુસ્લીમ બ્રધરહુડના પ્રેસિડેન્ટ મોહમંદ મોરસીને પદભ્રષ્ટ કર્યા બાદ સતાવણી ખુબજ વધી ગઈ છે.ચર્ચની મિલકતો, ઘરો અને ખ્રિસ્તીઓના ધંધા રોજગાર પર રોજબરોજ હુમલાઓ કરવામાં આવી રહ્યા છે.લુંટ થઈ રહી છે.માનવ હક્કોનો સદંતર અનાદર કરવામાં આવી રહ્યો છે.અને રાજકીય પરિસ્થિતિ અત્યંત દયાજનક બની છે.સીરીયમાં પણ આવી જ સ્થિતિ છે.સીરીયાના ત્રીજા ભાગના નાગરિકો જેઓ ખ્રિસ્તી છે તેઓ હિજરત કરી ગયા છે.ઈરાન અને ઈરાક પણ ખ્રિસ્તીઓ માટે અત્યંત ખરાબ પરિસ્થિતિમાં છે.જયાં ખ્રિસ્તીઓ રહી શકે તેવી સ્થિતિ રહી નથી.ઈરાનીય ખ્રિસ્તીઓની જબરજસ્તીથી ધરપકડ કરીને જેલમાં ધકેલી દેવાઈ રહ્યા છે.ઈરાકમાં ચર્ચો પર સતત હુમલાઓ કરવામાં આવી રહ્યા છે.

પ્રિન્સ ચાર્લ્સ મીડલ ઈસ્ટમાંથી હિજરત કરીને આવેલા ખ્રિસ્તી કુટુંબોને મળ્યા હતા.તેમની સાથે તેમને પડેલ અને પડતી મુશ્કલીઓ બાબતે ચર્ચા વિચારણા કરી હતી.ત્યાર બાદ તેઓએ ક્લીયન્સ હાઉસ ખાતે એકઠા મળેલ ખ્રિસ્તી લીડરોને આ મુશ્કેલ પરિસ્થિતિ બાબતે સંબોધ્યા હતા.તેમણે જણાવ્યું હતું કે સમગ્ર પરિસ્થિતિનો ચિતાર સાંભળીને હું ખુબજ વ્યથિત બન્યો છું.મીડલ ઈસ્ટમાં ખ્રિસ્તી સમુદાય ખરેખર ભારે મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે.તેમણે કહ્યું હતું કે છેલ્લા વીસ વર્ષોથી હું ઈસ્લામ અને ખ્રિસ્તી સંપ્રદાય વચ્ચે સમજ ઉભી કરવા અને ગેરસમજો દુર કરવા પ્રયત્નશીલ રહ્યો છું.હું માનું છું કે ખરેખર હવે જે સેતું બાંધવાનો પ્રયત્ન હુ કરતો રહ્યો છું તેને કેટલાક હિતો દ્વારા તોડી પાડવામાં આવી રહ્યો છે.ખોટી ગેરસમજો, જાણી જોઈને ઉભી કરવામાં આવી રહી છે.તેમણે ત્યાંની રાજ્ય સરકારોને ખ્રિસ્તીઓને સલામતી અને રક્ષણ પુરુ પાડવા માટે વિનંતી કરી હતી.તેમણે માનવ અધિકારોનું હનન ન થાય તે પણ જોવા ખાસ જણાવ્યું હતું.કેટલાક લોકો મીડલ ઈસ્ટમાં થઈ રહેલ ખ્રિસ્તીઓની સતાવણી બાબતે જણાવે છે તે વાતને પ્રિન્સ ચાર્લ્સની વાતે ટેકો કર્યો છે.બેરોનેસ વારસીએ તાજેતરમાં આ બાબતને ગ્લોબલ ક્રાઈસીસ ગણાવી હતી.વિશ્વભરમાં તમારા ધાર્મિક હક્કને નકારવામાં આવી રહ્યો છે.તે દુઃખની બાબત છે.આપણે યુએન રીઝોલ્યુએશન કરતાં પણ આગળ જવું પડશે અને તેની ઉપર પ્રેકટીલ એકશન લેવા પડશે.ધર્મના નામે થતી હિંસાઓને વ્યાજબી ઠેરવી ના શકાય તેવું માનનારાઓને પડકારવા પડશે.

જો કોઈ પણ વ્યક્તિ પોતાની ધાર્મિક આસ્થાને કારણે હિજરત કરીને દેશ છોડી દે તો તે આફત અને ખતરા સમાન છે.મીડલ ઈસ્ટમાં ખ્રિસ્તીઓ તેમનું વતન છોડીને ચાલ્યા જવાની ફરજ પડે તે નાલેશી ભર્યુ છપ્રિન્સ ઓફ વેલ્સે જણાવ્યું હતું કે આ વિસ્તારમાંથી ખ્રિસ્તીઓ હિજરત કરી જાય તેનો અર્થ એ છે કે ત્યાંથી શાંતિ ચાલી ગઈ છે.ખ્રિસ્તી સંપ્રદાયનો ઉદય મીડલ ઈસ્ટમાં થયો હતો તેથી તોઓ ખ્રિસ્તના નામમાં તેમના ભાઈઓ અને બહેનો છે

## સાઉથ આફ્રિકાના દિગ્ગજ બેટ્સમેન કાલીસે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી



સાઉથ આફ્રિકાના દિગ્ગજ ખેલાડીઓ પૈકીના કાલિસે ટેસ્ટ ક્રિકેટને અલવિદા કરી દીધી.ભારત સાથે રમાઈ રહેલ ટેસ્ટ સીરીઝની છેલ્લી ટેસ્ટમાં કાલિસે જાહેર કર્યું હતું કે તેઓ તેમની કારકીર્દીની છેલ્લી ટેસ્ટ રમીને નિવૃત્તિ લઈ લેશે.તેમની ભારત સામેની છેલ્લી ટેસ્ટમાં તેમણે સદી ફટકારીને બતાવી દીધું તેઓ વિશ્વના તખ્તા પર એક ખુબજ પ્રતિભાશાળી ક્રિકેટર હતા.ટેસ્ટ ક્રિકેટમાં તાજેતરમાં ભારતના મહાન બેટ્સમેન સચિન તેદુંલકરે પણ નિવૃત્તિ લીધી હતી.આમ વિશ્વના તખ્તા પર મહાન ખેલાડીઓમાં જેમની ગણના થતી હતી તે પૈકીના ઓસ્ટ્રેલીયાના ભુતપુર્વ કપ્તાન રીકી પોન્ટીગે પણ નિવૃત્તિ લીધી હતી. આમ વિશ્વ સ્તર પર મહાન બેટ્સમેન ગણાતા આ ત્રણ મહાન ખેલાડીઓ હવે નિવૃત્ત થઈ ગયા છે.



Happy New Year
-2014

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

અમારા તમામ માનવંતા વાચકો,ગ્રાહકો,પ્રતિનિધિ ભાઈઓ-બહેનો તથા સમાજના તમામ સાથીઓ આપ સહુને ૨૦૧૪ ના નવીન વર્ષની શુભેચ્છાઓ પાઠવું છું.૨૦૧૩નું વર્ષ મારા માટે કથળેલ સ્વાસ્થને કારણ બેઉ સાપ્તાહિકોમાં અસર પહોચી છે.મોટાભાગના મારા માનવંતા વાચકો સુધી પ્રીન્ટ કોપી પહોચાડી શકાઇ નથી.તેનો ભારે ખેદ અનુભવું છું.પરંતુ એ સાથે એક ઈશ્વરનો મહાન ઉપકાર પણ યાદ કરુ છું કે તેમણે મને નવું જીવન આપ્યું.માંદગીના બિછાના પરથી મને પાછો ઉઠાડ્યો.હાર્ટના વાલના ઓપરેશનમાં મારી સહાય કરી તે બદલ ઈશ્વરનો જેટલો ધન્યવાદ અને આભાર માનું તેટલો ઓછો પડે તેમ છે.સાથે સાથે મારી માંદગીના સમયમાં મારા તંદુરસ્તી માટે અનેક લોકોએ પ્રાર્થના કરી તે માટે આપ સહુનો આભાર માનું છું.રુબરુ મુલાકાત લીધી , સંદેશા વ્યવહાર દ્વારા મને સતત પ્રોત્સાહન અને હિંમત આપતા રહ્યા એ તમામનો મારા હૃદયના ઉંડાણથી આભાર વ્યક્ત કરુ છુ.

૨૦૧૪નું નવીન વર્ષ આપ સહુને માટે સુખદાયી,ફળદાયી અને આર્શીવાદિત બને તેવી શુભેચ્છાઓ પાઠવું છું.ફરીથી નવીન વર્ષમાં આપણા સામાજીક સામાયિકો તમારી તમામની ઈચ્છા સંતોષે એવી મારી ઈચ્છા તથા પ્રાર્થના છે. એ માટે તમારો સહકાર આપી આભારી કરશો એવી તમામ પાસે હું અપેક્ષા રાખું છું.

## જાણવા જેવું !

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિધ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી. આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા અને ૪૩.૬ કરોડ રૂપિયામાં તે વેચાયો હતો.

મારીયા બ્રાન્ડો દિગ્દશિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્ક્રીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી.૧૭૩ પાનાની આ સ્ક્રીપ્ટના ૩ કરોડ ૧૨ લાખ રુપીયા ઉપજ્યા હતા.

લેડી ડાયનાએ સહી કરેલા પત્તાની હરાજી કરવામાં આવી ત્યારે એ પત્તાના ૮લાખ ૩૨ હજાર ઉપજ્યા હતા.આ પત્તુ એર હોસ્ટેસ શેલા બાર્કલે વ્હાઈટ દ્વારા સાચવી રાખવામાં આવ્યું હતું.

૧૯૯૮ની સાલમાં એક ફાઉન્ટેન પેનની હરાજી કરવામાં આવી હતી. આ ફાઉન્ટેન પેનના ૨૧ કરોડ ૮ લાખ રૂપિયા ઉપજ્યા હતા. આ પેનને આટલી મોંઘી કિંમતે ખરીદવામાં આવી તેની પાછળનું કારણ એ છે કે તેમાં રૂબિ,સેફાયર વગેરે કિંમતી પથ્થરો જડવામાં આવ્યા હતા.અને તે પણ પાછા એક નહી પુરા ૬૦૦. ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી. આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.

રશિયાને સાત પહાડોના શહેર તરીકે ઓળખવામાં આવે છે.

અમેરીકાના વિન્સેટ જોન્સ નામના કલાકારે નકામા કચરામાંથી ચીજો વીણી વીણીને અવનવી ટોપીઓ બનાવેલી છે.

શ્રીલંકાનો પર્સી અભયશેખર નામનો પ્રેક્ષક,લંકાની ટીમ દુવિયામાં કોઈ પણ ખુણે રમતી હોય,ત્યારે લંકાનો ધ્વજ સાથે રાખી,મેચ જોવા પહોચી જાય છે.લંકાની એક કંપની, પર્સીને જવા આવવા અને રહેવા માટે સ્પેન્સર કરે છે.ફતેહપુર પશુ ચિકિત્સાલય નજીકના એક ગામે એક બળદ દુધ આપે છે.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગલીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


## શાલેમ મેરેજ બ્યુરો જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૨૬)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧૪૨ | એમ.બી.બી.એસ.એમ.ડી. | ૧૨-૧-૮૭ | - | આર.સી. | કુંવારા |
| ૧૬૩ | બી.કોમ.એમ.બી.એ.કોમ્પ્યુ.ટેલી(ફ્રાંસ) | ૧૦-૧૦-૮૪ | - | આર.સી. | કુંવારા |
| ૧૬૫ | પીટીસી.કોમ્યુનીકેશન વેલ્ફેર(ઓસ્ટ્રેલીયા) | ૮-૧૨-૮૩ | ૧ લાખ | આર.સી. | કુંવારા |
| ૧૬૭ | બીએસસી.માઈક્રો.આઈબીએમ.(અમેરીકા) | ૨૬-૧૦-૭૫ | ૮૦હજારપાઉન્ડ | મેથો. | કુંવારા |
| ૧૯૮ | બીએ ડીપ્લોમા મિકેનીક,એમઆઈટી ઈન્ફો ટેકનો. (ઓસ્ટ્રેલીયા) | ૭-૭-૭૭ | ૮૦હજાર ડોલર | સાલ્વે.આર્મી. | કુંવારા |
| ૨૦૨ | ગ્રેજ્યુએટ,ડીપ્લોમા હાર્ડવેર,નેટવર્ક(યુકે રીર્ટન) | ૨૬-૧૧-૭૭ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૦૫ | હોટેલ મેનેજમેન્ટ,બેગ્લોર,ટુરીઝમ,હોસ્પી.(ઓસ્ટ્રે) | ૨૯-૮-૮૧ | ૩૦૪૦ડોલર | મેથો. | કુંવારા |
| ૨૦૭ | બી.ઇ.(યુકે) | ૨૬-૩-૮૨ | ૧હજાર પાઉન્ડ | આર.સી. | કુંવારા |
| ૨૧૧ | એન્જી.ઈન ઈન્ફો. ટેક.આઈટી.બીઈ.(દુબાઈ) | ૧૧-૧-૮૬ | ૬૦૦૦૦ | સા.આર્મી | કુંવારા |
| ૨૨૧ | બીઈ મીકેનીકલ.(યુકે)એમએસસી(યુકે રીર્ટન) | ૨૧-૮-૭૬ | ૫૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૩૪ | હોટલ એન્ડ ટુરીઝમ મેનેજ.એમબીએ ચાલુ(યુએસ) | ૩૦-૬-૮૯ | ૧ લાખ | આર.સી. | કુંવારા |
| ૨૧૫ | બીએ.વીથ ઈંગ્લીંસ,રજી.નર્સ(ઓસ્ટ્રેલીયા) | ૯-૫-૮૩ | ૩૦૦૦ડોલર | સીએનઆઈ | કુંવારા |
| ૨૫૬ | ડીપ્લોમા બીઝનેસ મેનેજ.(યુએસ.યુ.કે રીટર્ન) | ૧૬-૧૧-૮૬ | - | આર.સી. | કુંવારા |
| ૨૬૧ | એમબીબીએસ.એમડી. પેથો(ચાલુ) | ૧૪-૮-૮૬ | ૨૮૦૦૦ સ્ટા. | આર.સી. | કુંવારા |
| ૨૬૩ | બીએસસી. | ૨૭-૪-૮૭ | ૪૦૦૦ ડોલર | મેથો. | કુંવારા |
| ૨૬૭ | એમએસસી(એગ્રી)હોટીકલ્ચર | ૫-૭-૮૧ | ૫૦૦૦ડોલર | આર.સી. | કુંવારા |
| ૨૬૯ | બીઈ.કોમ્પુટર એમ.એસ.(યુએસ) | ૧૩-૮-૮૫ | - | સીએનઆઈ | કુંવારા |
| ૨૭૪ | એમઆઈટી(ઓસ્ટ્રેલીયા)રીટર્ન | ૧૩-૧૧-૮૫ | ૪૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૮૧ | હોસ્પી.મેનેજમેન્ટ(ઓસ્ટ્રેલીયા) | ૨-૩-૮૪ | ૨.૫લાખ | આર.સી. | કુંવારા |
| ૩૦૦ | ટીવાયબીએ(યુકે) | ૭-૯-૮૫ | ૧૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૦૧ | પીજી ડી બીઝનેસ મેનેજ.(યુકે) | ૨૧-૮-૭૯ | ૨૫૦૦ પાઉન્ડ | મેથો. | કુંવારા |
| ૩૦૨ | એમબીબીએસ.એમડી.પીડીયા. | ૧૩-૩-૮૩ | ૬૦૦૦૦ | સા.આર્મી | છુટાછેડા |
| ૨૦૨ | એમબીબીએસ.એમડી.ફીજીશ્યન | ૨૯-૯-૭૭ | ૧.૨૫લાખ | | |
| ૧૮૨ | બીડીએસ(યુકે) | ૨૨-૧૨-૭૨ | - | બેપ્ટીસ | કુંવારા |
| ૧૭૫ | બીએસસી માઈક્રો.(યુએસ) | ૧૭-૪-૬૯ | - | આર.સી. | છુટાછેડા |
| ૧૮૯ | ડીપ્લોમાં મીકે.એન્જી. | ૨૭-૪-૭૩ | - | અલાયન્સ | છુટાછેડા |
| ૧૯૮ | પોસ્ટ ગ્રેજ્યુ.એકાઉન્ટ ટોરંટો કેનેડા | ૨૧-૮-૮૦ | ૪૦૦૦ ડોલર | આર.સી. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૨૬) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧૮ | એન્જી.માસ્ટરડીગ્રી કેનેડા | ૫-૧૨-૬૮ | ૫૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૨૨૧ | ફીઝીયો થેરાપીસ્ટ (યુએસ) | ૧૮-૮-૮૧ | ૪ લાખ | આર.સી. | કુંવારા |
| ૨૨૬ | એમબીબીએસ એમડી માઈક્રો. | ૨૯-૧૦-૮૦ | ૬૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૩૩ | એમ.કોમ.એમબીએ (યુકે) | ૧૭-૧૦-૮૪ | - | મેથો | કુંવારા |
| ૨૪૦ | ફીઝીયોથેરાપી | ૧૬-૯-૮૭ | - | સીએનઆઈ | કુંવારા |
| ૨૪૧ | એમબીબીએસ.એમડી. | ૧૪-૧૨-૮૪ | - | મેથો. | કુંવારા |
| ૨૪૫ | એમબીએ(એકા)એમબીએ(ફાય)યુએસ | ૨૫-૨-૮૭ | ૫૦૦૦ડોલર | મેથો. | કુંવારા |
| ૨૫૨ | એમબીબીએસ.એમડી. | ૨૮-૯-૮૪ | ૭૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૬૨ | એમએસડબલ્યુ,એલએલબી. લંડન રીર્ટન | ૨૫-૯-૮૫ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૬૩ | બીફાર્મ,પીટીસી,કેમી.ટેકનો.(કેનેડા) | ૨૪-૮-૮૫ | ૧૫૦૦ ડોલર | આર.સી. | કુંવારા |
| ૨૭૧ | બીએસસી(નર્સીંગ)એમએસસી(નર્સીંગ)લંડન | ૧-૨-૮૮ | ૧૦૦૦પાઉન્ડ | મેથો. | કુંવારા |
| ૨૭૪ | બીએસસી,માઈક્રો.એમએસટી.એમબીએ(ઓસ્ટ્રે) | ૨૯-૪-૭૮ | ૧૬૦૦૦ડોલર | આર.સી. | કુંવારા |
| ૨૭૫ | એમએ.બીએડ.એમબીએ.સેકે.કોર્ષ( યુકે) | ૧૭-૫-૭૯ | ૧૦૦૦ પાઉન્ડ | આર.સી. | કુંવારા |
| ૨૮૬ | બીકોમ (યુએસ.ગ્રીનકાર્ડ) | ૨૩-૧૧-૭૨ | - | આર.સી. | કુંવારા |
| ૨૮૮ | બીઝનેસ મેનેજ.ડીપ્લો.એવીએશન(ન્યુઝીલેન્ડ) | ૩-૧-૮૭ | ૧,૨૦,૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૮૯ | એમ.એ.(અંગ્રેજી). એમ.એ. માસ કોમ્યુ. (યુકે) | ૧૫-૧૧-૮૪ | ૧ લાખ | સીએનઆઈ | કુંવારા |
| ૨૯૭ | એમબીએ (ઓસ્ટ્રેલીયા) રીટર્ન | ૨૦-૯-૮૭ | ૧૮૦૦૦ | સા.આર્મી | કુંવારા |
| ૨૯૯ | બીકોમ.સોફ્ટ.પ્રોગ્રા.ગર્વ.કોલ સેન્ટર(યુકે)રીટર્ન | ૨૮-૧૦-૮૩ | ૨૮૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૩૦૨ | ફીજીયો.પીએચડી ચાલુ(યુએસ) | ૫-૭-૮૪ | ૩ લાખ | આર.સી. | કુંવારા |
| ૩૦૩ | એમ.એ.(ઈંગ્લીસ)એમબીએ ચાલ (યુકે) | ૧૮-૯-૮૩ | ૭૦૦ પાઉન્ડ | આર.સી. | કુંવારા |
| ૩૦૪ | બીકોમ.એમબીએ(યુકે) | ૨-૮-૮૧ | ૫૦૦૦ પાઉન્ડ | મેથો. | કુંવારા |
| ૩૦૬ | એમએ.બીએડ.ડીસીએ(ઈલેક્ટ્રો.)(યુકે) | ૩૦-૧-૭૫ | ૨૫૦૦ પાઉન્ડ | મેથો. | કુંવારા |
| ૧૦૪ | બીએ નર્સીંગ(યુએસ સીટીઝન) | ૨૦-૪-૭૬ | - | સા.આર્મી. | છુટાછેડા |
| ૨૧૦ | બીકોમ કોમ્પુ.એન્જી. સ્ટાફ નર્સ ( કેનેડા) | ૨૯-૭-૭૮ | ૩૦૦૦ ડોલર | સીએનઆઈ | છુટાછેડા |
| ૨૩૫ | બીબીએ.આસી.ફાર્મા.ટેકની.(યુએસ ગ્રીનકાર્ડ) | ૨૨-૩-૮૪ | - | મેથો. | છુટાછેડા |
| ૧૧૨ | બીએસસી.નર્સીંગ પોસ્ટ ગ્રેજ્યુ. ઓસ્ટ્રે)સીટીઝન | ૫-૮-૭૪ | ૬૦૦૦ ડોલર | મેથો | છુટાછેડા |
| ૧૨૬ | માસ્ટર ઈન ઈન્ફો.સીસ્ટમ (ઓસ્ટ્રે) સીટીઝન | ૧૧-૭-૭૨ | ૬૦૦૦૦ | એસેમ્બલી | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે E.mail :salem-bhailalbhai@yahoo.com

(૧) રજીસ્ટ્રેશન ફી રૂ.૫૦, રૂ ૧૦૦ તથા વિના મુલ્યે યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક -યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)visit by appointment only

# ઈજીપ્તના નવા બંધારણમાંથી સરીયા કાયદાને નાબુદ કરાયો, ખ્રિસ્તીઓએ નવા બંધારણને આવકાર્યું



ઈજીપ્તના નવા બંધારણનો ડ્રાફટ તૈયાર થઈ ગયો છે.અને તેને જાન્યુઆરીમાં દેશવ્યાપી રીતે પસાર કરવામાં આવશે.૨૦૧૨માં ઈસ્લામીક શરીયા કાયદાને અનુમોદન આપતું બંધારણ હતું જેમાં ફેરફાર કરીને આ કાયદાને કાઢી નાંખવામાં આવ્યો છે.પરંતુ નવા બંધારણમાં પણ કેટલીક ક્ષતિઓ દેખાઈ રહી છે જેમાં ધર્મ બાબતે,અને વ્યક્તિગત સ્વતંત્રતા માટે,કેટલીક બાબતોમાં વધુ સંશોધન જરુરી છે.તેમ છતાં ઈજીપ્શીય ખ્રિસ્તીઓએ અને હ્યુમન રાઈટ્સ ગ્રુપોએ નવા બંધારણને આવકાર આપ્યો છે.

હલીમ મીયાવડ,કો.ફાઉન્ડર ઓફ કોપ્ટીક સોલીડારીટી, યુ.એસ.બેઝ ઈન્ટરનેશનલ કોપ્ટીક ક્રિશ્ચિયન હ્યુમન રાઈટ્સ ઓરગેનાઈઝેશને જણાવ્યું હતું કે નવા બંધારણનો ડ્રાફટ મુસ્લીમ બ્રધરહુડના ૨૦૧૨ના બંધારણના ડ્રાફટની જુદો પડે છે તેમના ઘણા સુધારા છે.ખાસ કરીને બંધારણની કલમ ૨૧૯ દુર કરવામાં આવી છે.જેમાં શરીયા કાયદાનો ઉલ્લેખ હતો.અને તે કાયદા મુજબ કોઈપણની સામે કામ ચલાવી શકાય.આ કારણોસર ખ્રિસ્તી લોકોએ મુસ્લીમ બ્રધરહુડનો બોયકોટ કર્યો હતો.અને પરિણામે વિરોધ વધ્યો અને ઈસ્લામીક પ્રેસિડેન્ટ મોહમંદ મોરસીને ૨૦૧૩માં મીલીટરીએ પદભ્રષ્ટ કર્યા હતા.

નવા બંધારણના ડ્રાફટમાંથી આર્ટીકલ ૨૧૯ને દુર કરવામાં આવ્યો છે. અલ અઝર યુની. જે ઈજીપ્તનું એક સૌથી મોટું ઈસ્લામીક શૈક્ષણિક સંસ્થા છે તેમજ પોલીટકલ ઓથોરીટી છે તેમણે આ કલમને દુર કરી હતી.નવા બંધારણના ડ્રાફટમાં શરીયાને સમાજીક રીતે મહત્વ અપાયું છે.પરંતુ બંધારણીય જોગવાઈઓમાં તેનો સમાવેશ કરાયો નથી.અદેલ રામાદેન, લીગલ એફેર્સ ઓફીસીયલ, સ્થાનિક એનજીઓ,અનો ઈજીપ્શીયન ઈનીશીયેટીવ ફોર પર્સનલ રાઈટ્સે જણાવ્યું હતું કે હજુ કેટલાક સંશય ઉભા કરે તેવા મુદ્દાઓ બંધારણમાં અસ્તિત્વ ધરાવે છે.આર્ટીકલ ૨માં જણાવાયું છે કે ઈસ્લામીક શરીયા એ બંધારણના મુખ્ય સ્ત્રોત પૈકી છે.


## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>જીવન સાહિત્ય ભંડાર,<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨<br>શ્રી હેલ્ફર્સ એલેન્દી,<br>વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧ | શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨<br>શ્રી પાઉલભાઈ એ. પરમાર,<br>૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨ |


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


# સીરીયાની અપહરણ કરાયેલ ૧૨ સાધ્વીઆને છોડી મુકવા અપીલ

સીરીયાના બિશપે અપહરણ કરાયેલ ૧૨ ખ્રિસ્તી નન્સને છોડી મુકવા માટે ખાસ અપીલ અપહરણકારોને કરી હતી.સીરીયા બિશપ સીલવાન્સો બોઉટ્રોસ અલનીમીહ ઓફ હોમ્સ અને હમાએ જણાવ્યું હતું કે તેઓ ખ્રીસ્તી સાધ્વીઓના અપહરણથી ખુબ દુઃખી થયા છે,તેણીઓનું સેંટ તેકલા કોન્વેન્ટ,મલાઉલા, જે દમાસ્કસની નોર્થમાં આવેલ એક ખ્રિસ્તી વસ્તી ધરાવતું નગર છે ત્યાંથી તેઓનું અપહરણ કરવામાં આવ્યું હતું.તેઓએ કેથોલીક ચેરીટી એઈડ્સને આપેલ મુલાકાતમાં જણાવ્યું હતું કે ચર્ચ તેઓની ખુબજ જરુરીયાત અને ખોટનો અહેસાસ કરે છે.૧૦ દિવસ અપહરણને વીતી ગયા છે અને તેઓના કોઈ સમાચાર નથી.એવું મનાય છે કે તેઓને યાબુર્ડ જે મલાઉલા થી ૧૨ માઈલ દુર છે ત્યાં રાખવામાં આવ્યા છે.હું તેમને તાત્કાલિક છોડી મુકવામાં આવે તે માટે અપીલ કરુ છું.તેઓએ કોઈને કદી નુકશાન કર્યું નથી. તો શા માટે તેઓને બંદી બનાવાયા છે.અપહરણકારો એવું બતાવવા માંગે છે કે તેઓ કોઈની પણ દયા રાખતા નથી.પરંતુ જ્યારે કોઈએ કોઈ ગુનો ન કર્યો હોય તો તેને ગુનેગાર ગણી શા માટે સજા આપવામાં આવે. તેમણે કહ્યું હતું કે ગ્રીક ઓર્થોડોક્સ સીસ્ટરોને રાજકારણ સાથે કોઈ લેવા દેવા નથી.તેઓ કોઈની તરફદારી કરતા નથી કે કોઈનો વિરોધ કરતાં નથી.કોન્વેન્ટની અંદર રહીને તેઓ વોર રેફ્યુજીઓની સહાય કરે છે.જેમાં તેઓ કોઈ ધર્મનો ભેદભાવ રાખતા નથી. તેઓ મુસ્લીમોની પણ સંભાળ રાખે છે.

અનુ પાન નં ૪ નુ ચાલુ

હોય છે.પરંતુ તેઓએ તેમ કર્યું નહી કારણકે તેમને ડર હતો કે કદાચ આ કારણે હુલ્લડ ફાટી નીકળે.પ્રત્યેક દિવસે કોર્ટમાં જ્યાં અદનાનનો કેસ ચાલતો હતો ત્યાં ડઝન જેટલા મૌલાના જેવા દેખાતા લોકો હાજર રહેતા હતા.તેથી પોલીસ અદનાનને કોર્ટમાં રજુ કરતી નહોતી.પોલીસ સાથેની વાતચીતમા મને જાણવા મળ્યું કે પોલીસ ઉપર જમાતે ઉદ દાવાનું ભારે દબાણ હતું.તેમને કાયદો અને વ્યવસ્થા હસ્તગત કરીને અદનાનનો ન્યાય તોળવો હતો.

ત્રણ દિવસ બાદ અદનાને કોર્ટમાં રજુ કરવામાં આવ્યો,અને ત્યાર બાદ લાહોર ડીસ્ટ્રીક જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો.જ્યાં તેને એક અલગ નાના કોટડીમાં રાખવામાં આવ્યો છે.એમ કહેવામાં આવ્યું હતું કે તેને બીજા કેદીઓથી બચાવવા આવી રીતે રાખવામાં આવ્યો છે.તેનો કેસ હજુ સુધી ચાલુ થયો નથી.પરંતુ આ દરમિયાન,એક પીટીશન કરવામાં આવી,કે જે બીજાઓને આવા કેસમાં જામીન કોર્ટે આપ્યા હતા તેવું અદનાન માટે કરવામા એક પીટીશન દાખલ થઈ.કારણકે આવા કેસો ચાલતાં લગભગ સાત વર્ષનો સમય નિકળી જાય છે.ધર્મનિંદાનો ખુબજ જાણીતો બનેલ કેસ આશીયા નોરીન કે જે આસીયા બીબીના નામે ઓળખાય છે,કે જે ૨૦૦૯માં ઈસ્લામનું અપમાન કરવા બદલ મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી.અને હજુ પણ જેલમાં છે,અને તેની અપીલ ચાલે તેની રાહ જોઈ રહી છે.હજુ પ્રિન્સ પાછો ફરે તે પહેલા એક પત્ર ક્રિશ્ચિયન કોલોની, વાસનપુરા,લાહોર ખાતે મોકલવામાં આવ્યો જ્યાં પ્રિન્સ રહેતો હતો,જેમાં લખવામાં આવ્યું હતું કે આ વિસ્તારમાં રહેતા પ્રત્યેક ખ્રિસ્તી પરિવાર પોતાની ધરવખરી લઈ અન્યત્ર સ્થળે જાય અને તેમના ઘરો ખાલી કરે.આ માત્ર હાલ પુરતી ધમકી છે.પરંતુ બીજી વાર તમારા ઘરો બાળી મુકવામાં આવશે અને તમને મારી નાંખવામાં આવશે.આ પત્રમાં અસીકાન રસુલ,આ વિસ્તારમાં કટ્ટરવાદી ચાર સંસ્થાઓ પૈકીના એકના તેઓ નેતા છે તેમની સહી હતી.આ કોલોનીમાં વસતા જાવેદ મસિહે આ બાબતે સ્થાનિક પોલીસમાં ફરિયાદ લખાવી હતી.પરંતુ અદનાન અને તેના કુટુંબીજનો તેમના ઘરો છોડી ભાગી છુટ્યા છે.ત્યારે બાદ બીજા કેટલાક કુટુંબો હિજરત કરી ગયા છે. કેટલાક કુટુંબોએ મહિલા અને બાળકોને પોતાના સગા સબંધીઓને ત્યાં મોકલી આપ્યા છે.પોલીસ એક સપ્તાહ સુધી કોલોનીની બહાર પહેરો ભર્યો પરંતુ ત્યારબાદ તેઓ જતા રહેવાથી મસિહે કોર્ટમાં કાયમી રક્ષણ માંગતી અરજી કરી હતી .કોર્ટે પોલીસને રક્ષણ અને પ્રશ્નના નિકાલ માટે હુકમ કર્યો હતો.


## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭
E.mail : Shalemmburo@gmail.com



## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

# શ્રીલંકન બૌધ્ધિષ્ટ સાધુએ બોડુ બાલા સેનાની ટીકા કરતાં તેમનો જાન જોખમમા



શ્રીલંકામાં બુધ્ધિષ્ટ કટ્ટરવાદીઓની જો કોઇ ટીકા કરે તો તેને પોતાના જાનથી હાથ ધોવા પડે.આવી ભુલ એક બુધ્ધિષ્ટ સાધુ વતરેકા વીજીથા થીરોએ કરી. તેમના જાણવામાં આવ્યું કે બોડુ બાલા સેના દ્વારા મુસ્લીમો પર હુમલાઓ કરી હુલ્લડ મચાવવામાં આવ્યું છે જે યોગ્ય નથી.કારણકે તેઓ પણ સિહાલીઓ જ છે.શ્રીલંકાના વતનીઓ છે.તેમની સાથે આવી ક્રુરતા નહી આચરવાની શીખ તેમણે આપી તે તેમનો ગુનો બન્યો.રામાદાન પ્રસંગે તેમના વતન મહિયનગનયા ખાતે તેમણે આ શીક તેમના પ્રવચનમાં આપી.તેમણે કહ્યું કે બોડુ બાલા સેના દેશમાં ધાર્મિક એકતા સામે ખતરો ફેલાવે છે જે દેશ માટે યોગ્ય નથી.તેમણે દેશમાં વસતા અનેક ધર્મીઓ સાથે એકતા અને ભાઇચારાની વાત કરી.મુસ્લીમો અને ખ્રિસ્તીઓ પર કરાતાં હિંસક હુમલાઓની નિદા કરી.

૪૮ કલાક બાદ તેઓની એ સ્થિતિ બની કે તેમને જંગલમાં ઝાડ પર સુઇ જવું પડ્યું.કેટલાક બૌધ્ધિષ્ટ સાધુઓ અને કટ્ટરવાદી લોકો તેમની હત્યા કરવા માટે તેમની પાછળ પડ્યા.ધાર્મિક સ્વતંત્રતા શ્રીલંકામાંથી જતી રહેવા માંડી છે.કોમનવેલ્થના નેતાઓ અને શ્રીલંકન સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે થયેલ મીટીંગમાં પણ આ બાબત ચર્ચાઇ હતી.જેમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે લઘુમતીઓ વિરુધ્ધ જે હિંસા ચાલી રહેલ છે તેમાં સરકારનો સાથ છે.મુસ્લીમ,હિંદુ અને ખ્રિસ્તીઓ તેમજ જેઓ આ કટ્ટરવાદી સંગઠનની ટીકા કરે છે તેઓ તમામ હિટલીસ્ટમાં છે.બોડુ બાલા સેના બુધ્ધિષ્ટ ફિલોસોફીને માનતી નથી.તેઓ આતંકવાદીઓની જેમ વર્તન કરી રહ્યા છે.

બીબીએસ સિહાલા બુધ્ધિઝમને રાજ્યભરમાં ફેલાવાય તેમ ઇચ્છે છે.જેથી પબ્લીક લાઇફમાં  અને રાજ્ય ધર્મ તરીકે બુધ્ધિઝમને અપનાવાય.ફ્રેડ ક્રેવર,કેમ્પેન ડીરેકટર,શ્રીલંકા કેમ્પેન ફોર પીસ અને જસ્ટીસ,જણાવે છે કે આપણે એવી તરફ ધસી રહ્યા છીએ કે જ્યાં નોન સિહાલા બુધ્ધિષ્ઠ હોય તેમની તરફ ખુલ્લી રીતે બળવો કરાઇ રહ્યો છે.બુધ્ધિષ્ટ ધર્મ,શ્રીલંકામાં લઘુમતીમાં છે તે અપવાદરુપે તાકાતવર બનાવવાનો પ્રયાસ થઇ રહ્યો છે.વિજીથા જેવા સંતપુરુષો જાહેર સત્ય બોલે તો તેની અવદશા થાય છે.આ વર્ષની શરુઆતમાં મુસ્લીમ પોલીટીકલ એકટીવીસ્ટ અસ્થા સેલી પ્રીવેન્સન ઓફ ટેરેરીઝમના કાયદા હેઠળ જેલમાં ધકેલી દેવાયા છે.તેમનો ગુનો એ હતો કે તેમણે બુધ્ધિષ્ટ કટ્ટરવાદીઓ સામે વિરોધ દેખાવો યોજ્યા હતા.

આ માત્ર એક પ્રસંગ નથી કે જ્યાં તમારો વાણી સ્વાતંત્રતાનો હક્ક ઝુંટવાઇ ગયો હોય,પરંતુ પરિસ્થિતિ એવી ઉભી થઇ છે કે તમારે જાતે તમારી ઉપર સેન્સરશીપ લાદવી પડે.અને તમારો અવાજ તમારે દબાવી દેવો પડે, તેવું ક્રેવરે જણાવ્યું હતું.શ્રીલંકન સરકારે દુધ પાઇને સાપ મોટો કર્યો છે.આવતી કાલ તે તેમને પણ ડસી શકે છે.શ્રીલંકાએ  માંડ માંડ એલટીટીઇના સાથે વર્ષોથી ચાલતા સંઘર્ષ બાદ છુટકારો મેળવ્યો છે.હજુ પણ તેઓને દેશમાં અનેક બાબતો માં કાર્ય કરવાનું છે.પ્રજાને હજુ સુધી રાહતો મળી નથી.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# ધર્મનિંદાના આરોપસર જેલવાસ ભોગવી રહેલ એક પાકિસ્તાની ખ્રિસ્તીની વ્યથા



પાકિસ્તાનની જેલમાં ધર્મનિંદાના આરોપસર બંધ એવા એક ખ્રિસ્તીએ વર્લ્ડ વોચ મોનીટરને તેની આપવીતી જણાવી હતી.ઓકટો.માસમાં ૨૬ વર્ષીય અદનાન પ્રીન્સ જે અદનાન મસીહના નામે પણ ઓળખાય છે તેને તેની સાથે કામ કરતા કર્મચારીએ ઇસ્લામનું અપમાન કર્યાનો આરોપ મુક્યો હતો.કુરાન અને પયંગબર મહંમદ સાહેબની નિદા કરી હતી.ધર્મનિંદાનો આરોપ માટે મૃત્યુદંડની સજાની જોગવાઇ પાકિસ્તાનમાં કરવામાં આવે છે તે હવે જગ જાહેર છે.તેના પર ધર્મનિંદાનો આરોપ મુકવામાં આવ્યો તેથી તે છુપાઇ ગયો હતો.એક મહીના પછી પાછો જ્યારે તેના ઘેર આવ્યો ત્યારે પોલીસે તેની ધરપકડ કરી હતી.આ ઉપરાંત તેના કુટુંબીજનોમાંથી તેના ભાઇ અને માતાની પણ પોલીસે ધરપકડ કરી હતી.વર્લ્ડ વોચ મોનીટરે લાહોરની જેલમાંથી પ્રિન્સ સાથે આ વાતચીત કરી હતી.

આખી ઘટના ઓકટો.૭ થી શરુ થઇ.જ્યારે પ્રિન્સ તેના ભાઇ માટે ડાયમંડ ગ્લાસ શોપમાંથી કંઇક લઇ રહ્યો હતો.તેના કાર્યના સમય દરમિયાન કે જે અંગ્રેજી વિષયમાં માસ્ટર ડીગ્રી ધરાવે છે તેને એક વિવાદાસ્પદ પુસ્તક મળી આવ્યું.જેમાં લખ્યું હતું કે  મે બાયબલને પુછ્યુ શા માટે કુરાનને આગ લગાડવામાં આવી.તેથી તે મે વાંચવાનુ  શરુ કર્યુ અને તેની ઉપરથી કેટલીક નોટ્સ પણ બનાવવાની શરુ કરી. આ પુસ્તક મૌલાના અમીર હમઝા કે જે જમાતે ઉદ દાવાના નેતા છે તેમણે લખેલું છે.જમાતે ઉદ દાવા એ લશ્કરે તોયબાની એક રાજકીય પાંખ છે, કે જેણે મુંબઇમાં બોમ્બ બ્લાસ્ટની જવાબદારી સ્વીકારી હતી.જ્યારે પ્રિન્સ આ પુસ્તક વાંચી રહ્યો હતો ત્યારે તેના સાથી કર્મચારી અબીદ મેહમુદે તેની સામે વાંધો લીધો.બીજા દિવસે મેહમુદ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ગયો અને આક્ષેપ કર્યો કે તેણે પુસ્તકમાં કેટલીક જગ્યાએ લખાણ કર્યુ છે તેમાં પયગંબર અને ઇસ્લામ વિરુધ્ધ ટીપ્પણી છે.

પ્રિન્સે આ આક્ષેપો બાબતે સાંભળ્યું એટલે તે ભાગી છુટ્યો.છતાં તેણે કહ્યું કે મે કશું ખોટું કર્યુ નથી.મને આ પુસ્તક વિવાદાસ્પદ લાગ્યું છે.જેમાં ખ્રિસ્તી ધર્મ બાબતે ખોટી રજુઆત કરવામાં આવી છે.જેથી મે બાયબલના રેફરન્સ સહિત કેટલીક ખોટી રજુઆત સામે ટિપ્પણી લખી હતી.પરંતુ તેમાં કોઇ ખરાબ કે નિંદા કરતું લખાણ નહોતું.પ્રિન્સના ભાગી જવાથી પોલીસે પ્રિન્સના ભાઇ,માતા અને કાકાની ધરપકડ કરી હતી.અને કહ્યું હતું કે જ્યાં સુધી પ્રિન્સ પાછો આવશે નહી ત્યાં સુધી તેમને છોડવામાં આવશે નહી.પ્રિન્સ નવેમ્બર ૬ એ પાછો આવ્યો.પોલીસ સ્ટેશનમાં ગયો ત્યાં તેને કહેવામાં આવ્યું કે તારે કંઇ પણ બોલવાનું નથી કારણકે તારી ઉપર ધર્મનિંદાનો આરોપ લાગ્યો છે.કારણકે એમ કહેવાથી અન્ય કેદીઓ તારી ઉપર હુમલો કરી શકે છે.પરંતુ પોલીસે તેને આખી રાત્રિ માનસિક ત્રાસ આપ્યો.

પોલીસ મારી પર એ રીતે અત્યાચાર કરી રહી હતી કે મને જાણે કે મારી નાંખવાનો હોય,પરંતુ ઇશ્વરે મને બચાવ્યો છે.જ્યારે હું ભાનમાં આવ્યો (પ્રથમ ટોર્ચર બાદ)ત્યારબાદ મને કહેવામાં આવ્યુ કે એક ભારે મશીનથી તને ચગદી નાંખવામાં આવશે જેથી તું કાયમ માટે અપંગ બની જશે.ત્યારબાદ ડેપ્યુટી પોલીસ સુપ્રી.એ પિસ્તોલનું નાળચું મારા મોં માં ઘુસાડીને કહયું કે ગુનો કબુલ કરી લે કે મે ધર્મનિંદા કરી છે.તેણે કહ્યું કે હું ત્રણની ગણતરી કરીશે ત્યાં સુધીમાં ત્યારે ગુનો કબુલવાનો છે.નહિતર હું પિસ્તોલની ટ્રીગર દબાવી દઇશ.

પ્રિન્સે વધુમાં કહ્યું કે એકાદ વખત તેમણે મને બહાર લાવીને કહ્યું કે તું છુટ્ટો છે જઇ શકે છે,પરંતુ હું જાણી ગયો હતો કે તેઓ જુઠ્ઠુ બોલીને મને ફસાવી દેવા માંગે છે. જો હું જઇશ તો પાછળથી મને ગોળી મારી દેવામાં આવશે.તેથી મે તેમને કહ્યું કે જો તમે મને ગોળી મારવા માંગતા હોય તો મારી છાતી પર ગોળી ચલાવો, પાછળથી ગોળી મારવાની ચેષ્ટા કરશો નહી.તેથી તેઓએ મને ત્રાસ આપવાનું બંધ કર્યુ.તેમને ખાત્રી થઇ કે હું તેમની પાસે ખોટુ સ્વીકારવાનો નથી. પ્રિન્સની વકીલ અનિકા મારીયા, ડાયરેકટર,વોઇસ સોસા.એ વર્લ્ડ વોચ મોનીટરને જણાવ્યું હતું કે પોલીસ ૨૪ કલાકમાં ગુનેગારને પકડયા બાદ કોર્ટમાં રજુ કરી દેવાનો

અનુ પાન નં. ૩ ઉપર


## જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

**શ્રી આર.એન.રાજગુરુ**
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

**શ્રી ભુપેન પરમાર,**
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

**શ્રી પિયુષભાઇ એ. પટેલ,**
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક  9825169386

## આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક,  પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર,  અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.